
# માઉન્ટ કાર્મેલ સ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ





ગાંધીનગર, તા. ૨૫

માઉન્ટ કાર્મેલ સ્કૂલનું ધોરણ-૧૨નું સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. જેમાં પ્રથમ નંબરે પરીક્ષિત દવેએ ૯૯.૪ ટકા મેળવેલ છે. દ્વિતિય શિવાની શાહે ૯૮.૮૭ મેળવેલ છે. તૃતિય નંબરે ઉર્જા દેસાઈએ ૯૭.૫૬ ટકા મેળવેલ છે. ૧૦૦ ટકા પરિણામ આવતાં શાળાના આચાર્યશ્રી તથા પરિવારે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ છે.

# જે એમ ચૌધરી હાઈસ્કૂલનું ૮૨.૩૫ ટકા પરિણામ





ગાંધીનગર, તા. ૨૫

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૨.૩૫ ટકા આવેલ છે. શાળામાં પ્રથમ નંબરે આશા ભુપેન્દ્રભાઈ બ્રહ્મક્ષત્રિયએ ૯૯.૯૮ ટકા, દ્વિતિય ક્રમે હંસાબેન મેલાભાઈ કોળીપટેલે ૯૭.૦૧ ટકા અને તૃતિય નંબરે ખુશ્બુબેન બાબુભાઈ પ્રજાપતિએ ૯૬.૯૨ ટકા પ્રાપ્ત કર્યા છે. આચાર્યશ્રી પ્રવિણાબેન ચૌધરી તથા સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી ૯૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

# વિવેકાનંદ સંસ્કાર તપોવનનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૫



સી.બી.એસ.ઈ. બોર્ડના મે-૨૦૧૨નું તાજેતરમાં પરિણામ જાહેર થયું છે. જેમાં વિવેકાનંદ સંસ્કાર તપોવનના સંચાલક સુરેશભાઈ પટેલના પુત્ર સન્નિષ્ઠે ૯૫ ટકા માર્કસ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. સન્નિષ્ઠે બધા જ વિષયમાં એ-૧ ગ્રેડ સાથે ૯૫ ટકા પ્રાપ્ત કર્યા છે. ગાંધીનગર તથા વિવેકાનંદ સંસ્કાર તપોવનનું ગૌરવ વધારવવા બદલ સમગ્ર શાળા પરિવારે તેને અભિનંદન પાઠવ્યા છે.

# ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૯૮૦ વિદ્યાર્થીઓએ રીચેકીંગ-અવલોકન માટે ફોર્મ ભર્યા

## પરિણામ બાદ અવલોકન માટે ૮૯૦ અને રીચેકીંગ માટે ૮૦ અરજીઓ સુપ્રત થઈ

ગાંધીનગર, તા. ૨૫

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ જિલ્લામાંથી ૮૯૦ વિદ્યાર્થીઓએ પોતાની ઉત્તરવહીના અવલોકન માટે બોર્ડ સમક્ષ અરજ કરી છે જ્યારે ૮૦ વિદ્યાર્થીઓએ રી-ચેકીંગ માટે પણ ફોર્મ ભર્યા છે.

ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના અંતે મે મહિનાના પ્રારંભે બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. વર્ષ ૨૦૧૨માં જિલ્લામાંથી ૫૭૪૮ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં ૫૫૬ જેટલા રીપીટર વિદ્યાર્થીઓનો સમાવેશ પણ થયો હતો. આ વખતે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ બોર્ડનું ૬૭.૭૦ ટકા અને જિલ્લાનું ૭૧.૧૯ ટકા આવ્યું હતું. જે અગાઉના વર્ષ કરતા વધુ હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. બીજી તરફ અપેક્ષિત પરિણામથી કાંઈક ઓછા ગુણ મળ્યા હોવાની લાગણી અનુભવતા પરીક્ષાર્થીઓની સંખ્યા પણ વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. અલબત્ત આવા વિદ્યાર્થીઓએ ઉત્તરવહીના અવલોકન માટે જિલ્લા શિક્ષણતંત્ર સમક્ષ અરજ કરી છે. જિલ્લામાંથી ૮૯૦ જેટલા વિદ્યાર્થીઓએ પરિણામનું અવલોકન કરવા જિલ્લા શિક્ષણ તંત્રને ફોર્મ ભરીને સુપ્રત કર્યું છે. આ ઉપરાંત ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ રી-ચેકીંગ માટે પણ અરજી કરી છે જો કે રીચેકીંગ માટેના ફોર્મ હજુ તા. ૨૮ સુધી સ્વીકારવામાં આવનાર હોવાનું પણ સુત્રોએ જણાવ્યું છે. વિદ્યાર્થીઓ તરફથી મળેલી રીચેકીંગ અને અવલોકનની અરજીઓ શિક્ષણતંત્ર દ્વારા બોર્ડને મોકલી દેવાશે ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકોને અન્ય શાળાઓમાં સમાવાશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયમાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપીને અન્ય શાળામાં સમાવવા માટેનો નિર્ણય કરીને શિક્ષકોની ફાળવણીની કાર્યપદ્ધતિમાં સુધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ ૨૦૧૦ અન્વયે ધોરણ-૮ને માધ્યમિક શાળામાંથી ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં ખસેડવાને કારણે ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડા થતાં ફાજલ થયેલ શિક્ષક શિક્ષણ સહાયકને ફાજલનું રક્ષણ તથા ફાજલ શિક્ષકોને અન્ય શાળા ફાળવણી બાબતની કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચનાઓમાં ફાજલ શિક્ષકોને સમાવવા માટે કેટલાક સુધારા કરવા માટે કમિશનર શાળા દ્વારા રાજ્ય સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી.

આ દરખાસ્તને પગલે રાજ્ય સરકારે કેટલાક સુધારાઓ કર્યા છે જેમાં જો શિક્ષકો ફાજલ રહે તો તેવા શિક્ષકોને જે તે જિલ્લાની નગરપાલિકા અને મહાપાલિકા સહિતની પ્રાથમિક શાળાના ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં નવા શરૂ થતાં ધો. ૮ના વર્ગ માટે ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સીધી ભરતીના વિદ્યાસહાયકથી ન ભરતા પ્રથમ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના વર્ગ ઘટાડાના કારણે ફાજલ શિક્ષક શિક્ષણ સહાયક દ્વારા ભરવાની રહેશે.

# વી.પી.એમ.પી. પોલીટેકનીકને મળેલી દૂરવર્તી કેન્દ્રની મંજૂરી

ગાંધીનગર, તા. ૨૫

વીપીએમપી પોલીટેકનીકને તાજેતરમાં નેશનલ મિશન ઓન એજયુકેશન દ્વારા દૂરવર્તી કેન્દ્રની મંજૂરી મળતા સંસ્થા દ્વારા સૌપ્રથમવાર મેગા વર્કશોપનું ૨૫મી જૂનથી ૪ થી જુલાઈ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ખાતે આવેલી વીપીએમપી પોલીટેકનીકને ગાંધીનગર ખાતે ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મુંબઈ અને માનવ સંસાધન મંત્રાલય, ભારત સરકારના 'નેશનલ મિશન ઓન એજયુકેશન' (આઈસીટી) દ્વારા દૂરવર્તી કેન્દ્રની મંજૂરી મળેલી છે, જેનો સૌ પ્રથમ મેગા વર્કશોપ 'રિસર્ચ મેથોડોલોજી' વિષય ઉપર ૨૫ જૂન થી ૪ જુલાઈ દરમિયાન એન્જીનીયરીંગ ફેકલ્ટી માટે રાખવામાં આવ્યો છે. આ વર્કશોપ ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજયુકેશન, નવી દિલ્હી અને ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મુંબઈના સંયુકત ઉપક્રમે યોજાનાર છે. આ વર્કશોપમાં ભાગ લેવા માટે અન્ય ટેકનીકલ સંસ્થાના અધ્યાપકો તેમજ એમટેક, પીએચડીનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ સંસ્થાના અધ્યાપક દુષ્યંત પટેલ મો.નં. ૯૯૭૪૭૩૪૨૬૩નો સત્વરે સંપર્ક કરવા આચાર્ય એ જણાવ્યું છે.

# પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પો યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયભરમાં પ્રાથમિક શિક્ષકો માટે તા. ૪-૬-૦૪ના એટલે કે આઠ વર્ષ પહેલાં ઘડાયેલા જૂના બદલીના નિયમો અમલી હતા. જેમાં કેટલીય વિસંગતતા રહેતા અને શિક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૦ આવતાં રાજય સંઘ દ્વારા બદલીના નવા નિયમો ઘડવા કરેલી રજૂઆત અન્વયે રાજયના શિક્ષણ વિભાગે તા. ૨૩ મે ૨૦૧૨ના રોજ નવા નિયમો જાહેર કર્યા છે. ગયા વર્ષે જે બદલીના કેમ્પો થઈ શકયા ન હતા હવે એ બધા કેમ્પો આગામી તા. ૧૬ થી ૩૦ જૂન સુધીમાં યોજાશે.

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી ચંદુલાલ જોષી અને મહામંત્રીશ્રી બળદેવભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ પ્રાથમિક શિક્ષકોની અરસપરસ બદલી, ઓવર સેટઅપ (વધ-ઘટ)ની બદલી, આંતરિક બદલી, માંગણીની બદલી, જિલ્લાફેર બદલી વગેરે તમામ પ્રકારની બદલીના નવા નિયમો તા. ૨૩-૫-૨૦૧૨ના નવા પરિપત્રથી જારી કર્યા છે. જેમાં બદલી બાબતે તમામ પ્રક્રિયા પારદર્શક બનાવવામાં આવી છે. આ નિયમો જારી થતાં રાજય પ્રાથમિક શિક્ષક સંઘે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા, અગ્રસચિવશ્રી ગુપ્તા, નિયામકશ્રી આર.સી. રાવલ તથા શિક્ષણ વિભાગનો આભાર માની નિયમોને આવકાર્યા છે.

વધુમાં ગુ.રા.પ્રા.શિ. સંઘના પ્રમુખશ્રી ચંદુલાલ જોષીએ ધો-૬ થી ૮માં સમાજશાસ્ત્રના તાલીમી સ્નાતક શિક્ષકોને સામાજિક વિજ્ઞાનના વિષય તરીકે સ્વિકારવા માટે શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી ગુપ્તાને રૂબરૂ રજૂઆત કરી જે અંગે અગ્રસચિવશ્રીએ સમગ્ર બાબત સુપ્રિમ કોર્ટમાં ચાલતી હોઈ આ બાબતે સુપ્રિમકોર્ટનું જજમેન્ટ ન આવે ત્યાં સુધી શરતી આદેશ પ્રમાણે સમાવવા માટે હૈયાધારણા આપેલ છે.

# આવતીકાલે અમદાવાદમાં નીટ વિરોધ વાલીમંડળની બેઠક

ગાંધીનગર, તા. ૨૫

હાલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ 'બી' ગૃપમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૩માં એમ.બી.બી.એસ. કોર્સમાં પ્રવેશ મેળવવા માટે નીટ કોમ એન્ટ્રેસ પરીક્ષા આપવી પડશે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ગુલાબનબી આઝાદ અને એમ.સી.આઈ. દ્વારા જાહેર કરવામાં આવેલ છે. આ નીટ પરીક્ષાનો વિરોધ કરવા માટે અને તેમાં આવનારી મુશ્કેલીઓ અભ્યાસ કર્યા બાદ કેન્દ્ર સરકારી તથા ગુજરાત સરકાર સાથે વિચાર વિનીમય કરવાના હેતુથી વાલીઓ દ્વારા નોટ નીટ વાલીમંડળ રચવામાં આવ્યું છે.

આ વાલીમંડળ ત્રણ મહિનાથી ગુજરાતમાં સક્રિય છે. રાજયભરમાં વાલીને સાથે રાખીને વિવિધ કાર્યક્રમો આપવાનું શરૂ કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે નીટ પરીક્ષા અંગે તાજેતરમાં જ ગુજરાતના આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ દ્વારા કેન્દ્ર સરકાર સાથે પત્રવ્યવહાર થયો છે. પરંતુ તેનો કોઈ પ્રતિભાવ સાંપડેલ નથી.

# પ્રેરણા વિદ્યાલયનું ૭૫ ટકા ગૌરવવંતુ પરિણામ

ગાંધીનગર સેકટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલયના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૪૪ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી ૩૩ વિદ્યાર્થીઓ ઉર્તીણ થયેલ છે. પ્રેરણા વિદ્યાલયનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૫ ટકા આવેલ છે. ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# મુબારકપુર ગામનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૫

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર થયેલાં ધો-૧૨ (સામાન્ય પ્રવાહ) ના પરિણામમાં બીનલ જગદીશકુમાર પટેલ ૮૮.૮૬% (પર્સન્ટાઈલ રેન્ક ૯૯.૯૪%) સાથે સમગ્ર ગાંધીનગરમાં પ્રથમ સ્થાન મેળવેલ છે અને મુબારકપુર ગામ અને એન.કે. સોલંકી સ્કૂલ ઑફ કૉમર્સ, સે-૨૮ નું ગૌરવ વધારેલ છે.

# ચિત્ર શિક્ષકોની માંગણી ન સંતોષાતા ધરણાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા ગત રોજ ધરણાંનો કાર્યક્રમ ધરણાં મેદાન, પથિકાશ્રમ સામે, ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં રાજ્યના દરેક જિલ્લામાંથી ઘણી મોટી સંખ્યામાં ચિત્ર શિક્ષકો હાજર રહ્યા હતા અને ધરણા કાર્યક્રમમાં જોડાયા હતા.

ચિત્ર શિક્ષકોની માંગણીના સંદર્ભમાં શિક્ષણ વિભાગમાં વારંવાર રજૂઆતો કરવા છતાં યોગ્ય નિકાલ ન આવતાં ચિત્ર શિક્ષકો દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચિત્રના વિષયનો મૃત્યુઘંટ વાગી જાય તે પહેલા જાગૃત કલા શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજનો ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે ત્યારે સરકાર તરફથી હકારાત્મક વલણ અપનાવી ન્યાય મળે એ માટે ચિત્ર શિક્ષકો આશા રાખીને બેઠા છે. સરકાર દ્વારા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી જેથી ધરણાનો કાર્યક્રમ રાબેતા મુજબ ચાલશે એમ પ્રમુખ પરેશ સેવકે જણાવ્યું છે.

# માનવતાની અનોખી ઊંચાઈની આભા : અરૂણભાઈ

## અરુણભાઈ નથી નેતા કે નથી નગરપતિ ! હા, તેઓ નેતા કે નગરપતિએ કરવા જોઈએ તેવા કામો નિસ્વાર્થભાવે જરુર કરે છે !

ચૈત્ર માસની ભરબપોરે વીસ-બાવીસ વરસનો, દેખાવે ગરીબ લાગતો એક યુવાન હાથમાં લીમડાના મોરનો ઝૂડો લઈને વેચવા માટે ઘરેઘરે ફરી રહ્યો હતો. સેકટર- ૨૦ના એક ફ્લેટના સદ્‌ગૃહસ્થે આ છોકરાને ધંધાની વાસ્તવિકતા સમજાવતાં કહ્યું કે બપોરના બાર વાગ્યે તારો લીમડાનો મોર કોણ ખરીદશે? જો કે આમ કહીને આ સદગૃહસ્થનો ઈરાદો પેલા છોકરાને નાહિંમત કરવાનો લેશમાત્ર નહોતો છતાં એ છોકરાની આંખમાં ઝળઝળિયાં જોઈને આ સદગૃહસ્થ થોડા ગંભીર થયાં. કારણ પૂછ્યું તો જાણવા મળ્યું કે છોકરો નીતિનો સ્પષ્ટ હતો. ગરીબ જરૂર હતો પણ ઈરાદાનો મક્કમ હતો. તેને ભણતાં ભણતાં કોમ્પ્યુટર શીખવું હતું. કોમ્પ્યુટરની ફી માટેના વધારાના ખર્ચને પહોંચી વળવા તે સવાર ઘરે-ઘરે છાપાં નાંખતો હતો છતાં પણ ફીનો વેંત ન થવાથી આ સીઝનલ ધંધો ય કરી લેવાનો આખરી માર્ગ તેણે અજમાવ્યો હતો. ખબર હતી કે લીમડાનો મોર સવારે જ વેચાય પણ સવારે લીમડાનો મોર વેચે કે છાપાં વેચે ? છોકરાની આ સ્પષ્ટતાએ આ સદગૃહસ્થે ફકત લેવા ખાતર આ મોર લઈ લીધો અને કહ્યું કે હવેથી તારે આવું કાંઈ કરવાની જરૂર નથી, આજથી તારા ભણવાનો તમામ ખર્ચ મારો ! આ મારું ઘર છે અહીં આવી તું ગમે ત્યારે પૈસા લઈ જજે ! આ સદગૃહસ્થ એ બીજા કોઈ નહીં પણ ગાંધીનગરના જાણીતા સમાજસેવક અરૂણભાઈ બુચ !

સેવક બનાતું નથી, સેવક જન્માય છે ! આ જાતકની જન્મકુંડળીમાં પારકાની સેવા જ લખી છે. કોઈ મા-બાપની સેવા કરે તો કોઈ પરિવારની ! કોઈ મહોલ્લાની સેવા કરે તો કોઈ શેરીની ! પણ આ તો પહોળાં હૃદયનો માણસ ! એને સેવાનું ક્ષેત્ર પણ પહોળું જ ખપે ! આજે તેઓ આખાં ગાંધીનગરની સેવા કરી રહ્યા છે. શહેરના નાનામાં નાના સમજુ બાળકથી લઈ વરિષ્ઠમાં વરિષ્ઠ વ્યક્તિ પણ તેમને તેમના નામ અને કામથી સારી રીતે પિછાણે છે. આપણે સૌ જાણીએ છીએ કે એક નવનિર્મિત શહેરને પોતાની સમસ્યાઓ તો હોવાની જ ! સરકારી વ્યવસ્થાતંત્ર પોતાની રીતે તો પ્રશ્નો ઉકેલતું જ હોય છે પણ ઊંઘણશી તંત્રને સમય સમય પર જગાડે કોણ ? અરૂણભાઈ શહેરની સમસ્યાને લઈને સતત જાગૃત રહ્યા છે અને તંત્રને જગાડતા રહ્યા છે. વાજબી માંગણી માટે તેઓએ આવશ્યકતા મુજબ ઉપવાસ, આંદોલન, પ્રદર્શન, દેખાવો, ધરણાં કે સત્યાગ્રહ પણ કર્યા છે, કવચિત્ પોલિસની લાઠીનો ભોગ પણ બન્યા છે. આજથી બેતાલીસ વર્ષ પહેલાં ગુજરાતનું પાટનગર અમદાવાદને બદલે ગાંધીનગર સ્થળાંતરિત થયું ત્યારે કેટલાક સરકારી કર્મચારીઓએ પણ ગાંધીનગરમાં વસવાટ કરવાનો નિશ્ચિય કર્યો. અરૂણભાઈ આ આદિમજૂથના. સુખવિધાના અભાવમાંથી ઊઠેલા જનતાના ઝીણેરા ગણગણાટને અરૂણભાઈ ઊંચા અવાજમાં હંમેશા તબદીલ કરતા રહ્યા. પ્રશ્નોને વાચા આપવા અને સત્તા સામે અવાજ ઉઠાવવા માટે વજ્ર જેવું જિગર જોઈએ. નેતાગીરી સૌને ગમે, અળખામણા થવું કોને ગમે ? અરૂણભાઈને બંને ગમ્યું. હથેળીમાં યશની રેખા ખેડેલા ખેતરના ચાસ જેવી ઊંડી અને લાંબી ! પ્રત્યેક સમસ્યાના ઉકેલમાં અરૂણભાઈની રજૂઆતો અને સલાહો અકસીર નીવડતી ગઈ અને હિન્દુ વડનગરા નાગર પરિવારનો આ નરબંકો શહેરના અગ્રણી લોકસેવક તરીકે ધીરેધીરે કાંઠું કાઢતો ગયો.

લોકજાગૃતિ લોકશાહીની કસોટી છે. પોતાના વિસ્તારના પ્રશ્નોને પદ્ધતિસરની વાચા આપવા સેકટર-૧૬ (અરૂણભાઈ બુચના તે સમયના નિવાસનું સેકટર)થી વસાહતમંડળની રચના કરી અન્ય સેકટરોમાં વસાહતમંડળોની રચના કરવા માટે બાકીના વસાહતીઓને પ્રેરણા આપી. શહેરની સમસ્યાઓ અને ઉકેલ માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સુધી રજૂઆતો કરી શકાય તે માટે એક તબક્કે આ તમામ વસાહત મંડળોનું એક ફેડરેશન રચવાનો નિર્ધાર થયો. આ નિર્ધારનું પરિણામ એટલે સૌનું જાણીતું અને માનીતું ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ! અરૂણભાઈની લોકપ્રિયતાની સુવાસ ત્યાં સુધીમાં એટલી હદે વિસ્તરી ગઈ હતી કે તેમનો આ મહામંડળના પ્રથમ બિનહરીફ અને બિનવિવાદિત પ્રમુખ બનાવવામાં આવ્યા. તેઓ આજે પણ આ જવાબદારી નિભાવી રહ્યા છે તે તેમની લોકચાહનાનો આ સંગીન પૂરાવો છે.



વસાહત મહામંડળના નેજા તળે તેમણે લોકજાગૃતિના અનેકવિધ કામો કર્યા છે. સત્તાધીશોની આંખો ખોલવા કશુંક નક્કર કાગળ ઉપર લખી આપવું પડે છે. પત્રોની તાકાત ઓછી પડે ત્યારે અરૂણભાઈ પ્રકાશનો તરફ વળે છે, પણ યેનકેન પ્રકારે તેઓ સત્તા અને જનતાને જાગૃત રાખવાનું કામ કરે છે. સાચી અને વાજબી રજૂઆતોના હંમેશાં ઉકેલ નીકળતા હોય છે. કવચિત પતંગ ચગાવતી વેળા બાળકોથી દોરી ગૂંચ પડી જાય છે. આવી ગૂંચો વડીલો ઉકેલી આપે છે. આપણા અરૂણભાઈ ઉકેલના માણસ છે. અરૂણભાઈ તાજેતરમાં ૭૫ વર્ષના થયા છે. હવે તેમની રજૂઆતોમાં અવાજ નીચો પણ વિશ્વાસ ઊંચો હોય છે.

નાગરો તેમની મુત્સદીગીરી અને કુશળ રાજવહીવટ માટે પ્રસિધ્ધ રહ્યા છે. રાજયના વિવિધ મંત્રીઓ પણ આ વાતથી વાકેફ હતા અને તેથીજ તેઓ અરૂણભાઈને તેમના અંગત મદદનીશ તરીકે પોતાની પાસે રાખવામાં સફળ થયા છે. લાગલાગટ ૩૫ વર્ષ સુધી સરકારના વિવિધ મંત્રીઓના અંગત મદદનીશ તરીકે રહેવાનો તેમનો વિક્રમ 'લિમ્કા બુક ઓફ રેકોડર્ઝ'માં નોંધાયો છે. આ રેકોર્ડનું તેમને ગૌરવ છે પણ તેથીય વિશેષ ગૌરવ તેમને આ સ્થાનેથી જનતાના હૃદય સુધી જવાનું, તેમના પ્રશ્નોને સમજવાનું અને ઉકેલની દિશામાં મળેલ અનુભવનું છે. આ

**આગવો માણસ - આપણો માણસ**

gsrelation@yahoo.com

**- કિશોર જીકાદરા**

અનુભવ તેમને નિવૃત્તિમાં હાથ ધરેલ સેવાકીય પ્રવૃત્તિમાં અધિક ઉપયોગી થયો છે. શુકલ પક્ષમાં વૃદ્ધિ પામતી ચંદ્રકળા પેઠે આ શહેરમાં તેમનું નામ અને કામ બંને સતત વૃદ્ધિ પામતાં રહ્યાં છે.

વસાહત મહામંડળના નેજા નીચે છેલ્લા પંદરેક વર્ષથી સદવિચાર પરિવાર સાથે રહીને કરાતી નિઃશુલ્ક અસ્થિવિસર્જન સેવા શહેરના આમઆદમીના દિલને સ્પર્શતી બની રહી છે. આ ઉપરાંત કડકડતી ઠંડીમાં જરૂરતમંદોને તેઓ હૈયાની હૂંફ સાથે ગરમ વસ્ત્રો ઓઢાડે છે, ઉનાળામાં શ્રમિકોને શીતળ સ્પર્શની સાથે ચરણની બળતરા દૂર કરતાં પગરખાં પહેરાવે છે, દીનદુઃખિયાની ભૂખ ભાંગવા સાથે વિહંગોની તૃષા છિપાવવાને પણ તેઓ વિચાર કરે છે. અરૂણભાઈ ગરીબોના બેલી અને નોધારાના આધાર છે. તેઓ નિવૃત્ત થયા છતાં, પ્રવૃત્તિના જીવ છે. રેલ્વે સુવિધા, મેટ્રો ટ્રેઈન રજૂઆતો, લોક અદાલતો, કાનૂની શિબિરો, માર્ગસલામતી, મતદાર જાગૃતિ, ધાર્મિક પર્વોની ઉજવણી, વૃક્ષારોપણ, શહેરના સ્થાપનાદિનની ઉજવણી, મહાનુભાવો અને વિભુતિઓના જન્મ અને પુણ્યતિથિના કાર્યક્રમો, સફાઈ ઝૂંબેશ, વ્યસનમુક્તિ, જ્ઞાન શિબિરો, રકતદાન કેમ્પ અને શહેરને સ્પર્શતા પ્રશ્નો અંગેના પ્રકાશનો જેવી બહુવિધ પ્રવૃત્તિમાં તેમની સક્રિયતા તેમના બાહુપાશર્વી વ્યકિતત્વને છતું કરે છે. તેમણે આજ સુધીમાં લગભગ સોળેક પ્રકાશનો કર્યા છે. તાજેતરમાં પ્રકાશિત થયેલું તેમનું પુસ્તક 'આપણા સૌનું ગાંધીનગર : ગઈકાલ- આજ અને આવતીકાલ' ગાંધીનગર પ્રત્યેની તેમની સમર્પિતતાનું ઉત્તમ ઉદાહરણ છે. સંઘર્ષના પ્રસંગોમાં પણ વિચલિત થયા સિવાય તેમણે નીલકંઠની જેમ વિષના ઘૂંટ ગળ્યા છે અને અનેક કટુ અનુભવોના તાપમાં તપીને તેઓ કાંચનસ્વરૂપે શુદ્ધ લોકસેવક તરીકેનું સ્થાન પામ્યા છે.



સમાજસેવકને અધીરાઈ કદાપિ ન પાલવે. અરૂણભાઈની ધીરજની કસોટી કરતાં કેટલાંક આંકડા ઉપર નજર કરીએ તો... આજદિન સુધીમાં તેમણે નગરના ૨૫૦ પ્રશ્નો ઉકેલ માટે રાજ્ય સરકારને ૪૪૦૦૦ પત્રો લખ્યા છે. કેન્દ્ર સરકારને સ્પર્શતા ૧૮ પ્રશ્નો માટે ૮૦૦૦ પત્રો લખ્યા છે. રેલ્વેના પ્રશ્નો માટે ૮૦૦ પત્રો અને ૩૦૦ બેઠકો કરી છે. સઘળો પત્રવ્યવહાર તેઓ જાતે ટાઈપ કરે છે. મુઠ્ઠી હાડકાના આ માણસને હું જ્યારે ટાઈપરાઈટર ઉપર પત્રો ટાઈપ કરતાં જોઉં છું ત્યારે એ ૭૫ વર્ષના જૈફ ટેરવાની મને દયા આવે છે. હું કૉમ્પ્યુટરની ફેવર કરું છું. તેઓ કહે છે કે, કિશોરભાઈ ! કૉમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક કરતાં મને મારા હાડ ઉપર વધારે વિશ્વાસ છે. આને સ્વાશ્રયનો પદાર્થપાઠ કહેવો કે સેવાનું ઝનૂન ?

વિવિધ સંસ્થાઓ દ્વારા તેમની સેવાકીય પ્રવૃત્તિની નોંધ લેતાં અનેક ઍવોર્ડ્સ, અભિવાદનપત્રો તથા કેટલીક તસવીરો આજે તેમની ઑફિસની શોભા વધારી રહ્યા છે. જેમાં મુખ્યત્વે શ્રેષ્ઠ સમાજસેવા, નાગરરત્ન, ઍવોર્ડ ફોર વનનેસ ઑફ મહાવીર ઍન્ડ મહાત્મા, વિશિષ્ટ સેવા સન્માન, નામાંકિત વ્યક્તિવિશેષ સન્માન, સદ્‌વિચાર પરિવાર અને રૉટરી ક્લબના અભિવાદનપત્રો અને ભારતના રાષ્ટ્રપતિશ્રીઓ તથા ગુજરાતના રાજ્યપાલશ્રીઓ સાથેની શુભેચ્છા મુલાકાતની યાદગાર અને કેટલાક પ્રસંગોની દુર્લભ તસવીરો છે. અરુણભાઈ બુચને ગાંધીનગરના કેટલાક લોકો ક્યારેક પ્રેમ અને લાડથી નેતા કે નગરપતિ કહીને બોલાવે છે. હકીકતે અરુણભાઈ નથી નેતા કે નથી નગરપતિ ! હા, તેઓ નેતા કે નગરપતિએ કરવા જોઈએ તેવા કામો નિસ્વાર્થભાવે જરુર કરે છે !

અરુણભાઈના લગ્નની કેટલીક વાતો પણ રોમાંચક છે. લગ્નની કંકોતરીની સાઈઝ વિઝીટીંગ કાર્ડ જેવડી અને પ્રેમલગ્નના ખર્ચનો આંકડો કુલ્લે સવાસો રૂપિયા ! ખૂબ જ ટૂંકમાં પતેલા લગ્ન, પણ લગ્નનું આયુષ્ય અત્યંત દીર્ઘ ! જો કે સાદગીથી સંપન્ન થયેલા લગ્ન ૨૫ વર્ષે મોટો ખર્ચ કરાવીને જ જંપ્યા. સગાસબંધી, યારદોસ્તો અને નામાંકિત મહાનુભાવોની હાજરીમાં દાંપત્યની સુવર્ણજયંતિ રંગેચંગે ઉજવાઈ. લેખિત અનિચ્છા પ્રગટ કરેલ હોવા છતાં અનેક ભેટસોગાદો અને રોકડ શુભેચ્છાપેટે મળ્યાં. કૂળના સંસ્કાર રંગ લાવ્યા. મળેલ રોકડ ભેટમાં નિવૃત્તિના નાણાંકીય લાભની વીસ ટકા જેટલી રકમ ભેળવી અરૂણોદય સેવા ટ્રસ્ટની સ્થાપના કરી. એપ્રિલ ૨૦૧૨માં અરુણભાઈ પંચોતરના થયા. આ ટ્રસ્ટે અમૃત મહોત્સવ ઉજવ્યો. ખાઈપીને નહીં, ખવડાવી-પિવડાવીને ! ઉંમરના આઠમા દાયકાની સ્મૃતિમાં આઠ સેવાકીય સંકલ્પો થયા. ભુવનેશ્વર મહાદેવ મંદિરે પ્રાર્થના અને દીપમાળા પ્રાગટ્ય, વૃધ્ધાશ્રમના વરિષ્ઠોને ધાર્મિક યાત્રાપ્રવાસ, સાત ગામોમાં સફાઈઝૂંબેશ, પાંચ અસરગ્રસ્ત ગામોમાં વ્યસનમુક્તિ અને નશાબંધી કેમ્પ, રક્તદાન શિબિર, પૂ. રમેશભાઈ ઓઝાના સાન્નિધ્યમાં ૭૫૦૦ યુવાનોને જ્ઞાનશિબિર, સામાજિક સંસ્થાના પદાધિકારીઓનો સહચિંતન શિબિર અને ૭૫૦ શિક્ષકો માટે ચાવીરૂપ વ્યાખ્યાન જેવા આયોજનો વિચારાયાં, કેટલાંક સંકલ્પો મૂર્તિમંત પણ કરાયા.

અરુણભાઈ બુચના અમૃતોત્સવ નિમિત્તે તૈયાર કરાયેલ સ્મૃતિગ્રન્થનો વિમોચનવિધિ આજકાલમાં થશે પણ વાત મારે અનોખી જ કરવી છે. આ ગ્રન્થ માટે અરુણભાઈ સાથેના પ્રસંગો ૩૦૦ શબ્દોમાં લખી મોકલવા જાહેર આમંત્રણ અપાયું. ૧૫૦થી વધુ લેખો મળ્યા. ભાગ્યે જ કોઈ લેખક શબ્દોની મર્યાદા જાળવી શક્યો હતો. લેખો લાંબાલચ હતા. ખુલાસા હતા કે હૃદયમાંથી જેટલું સ્ફૂર્યું તેટલું લખ્યું છે ! અરુણભાઈની સાચા લોકસેવક તરીકે લોકચાહના માટે આથી અન્ય કોઈ પ્રમાણ હોઈ શકે ? અરુણભાઈના કામોથી જેઓ જ્ઞાત નથી, અરુણભાઈની ઊંચાઈ અને આભાને જેઓ સ્વીકારી શક્યા નથી, તેઓ કદાચ આ સ્મૃતિગ્રાન્થના લેખો વાંચીને પણ આપણા અરુણભાઈની સાચી અને આગવી ઓળખ મેળવી શકે તેમ છે ! વાંચવા મળે તો વાંચી લેજો આ સ્મૃતિગ્રાન્થ !

બસ એટલી સમજ, પરવરદિગાર દે, સુખ જ્યાં જ્યારે મળે, સૌના વિચાર દે !... મરીઝ